॥ सनातन परमो धर्मः ॥ श्री अखिल भारतीय કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સનાતન ધર્મ પત્રિકા

સ્ટોરીલાઇન મિડીયા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● જેઠ વદ - ૯ ● તા. ૩૦-૬-૨૦૨૧ ● બુધવાર SDP NO : 435 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

શ્રીસમાજના પિઠાસ અભિગમે લોકડાઉન માં પણ ભુજ બહાર સખગતા નું ડાર્ય કરેલ જેને સમાજ ઉપયોગી બનાવવા નું ડાર્ય ભુજ ઝોન દ્વારા પ્રારંભ.

સંયોજક : શાંતિલાલ ભગત, ભુજ - ભુજ ઝોન મહામંત્રી.

આજે તા. ૨૬ જુનના રોજ કેન્દ્રીય સમાજ દ્વારા લુપ્ત થિરડાપર હાઈવે પર લીધેલ સાડા ૩ એકર જમીન પર વડીલ્રી ગંગાશ્રમબાઈ રામાણીના અધ્યક્ષપાને મીટીંગ મળી હતી.

જેમા કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખશ્રી દામજીભાઈ વાસાણી, ભુજ ઝોનના પ્રમુખશ્રી ગંગારામભાઈ ચૌહાણ અને મંત્રી શાંતિલાલ ભગત, પ્રો. કે. વી. પાટીદાર, લલચંદભાઈ માવાણી અને વિનોદ માવજીભાઈ ભગત હાજર રહી આ જમીન ડેવલપમેન્ટ બાબતે વિચારણા કરવામા આવી. હાલમા JCB થી કામની સફાઇ કરી જમીન સમતળ કરવી, આગળના ભાગે ફેન્સિંગ કરવી, સર્વેયરને બોલાવી નકશો માપણી કરાવી લેવી, સમાજના નામનો બોર્ડ બનાવવો, હેતુદેર પ્રક્રિયા હાલ મા લેવી અને પ્લાન્ટેશન કરવાનુ નક્કી કરવામા આવ્યું છે.

વડીલ ગંગાશ્રમબાઈ રામાણી કેન્દ્રીય સમાજના ટ્રસ્ટીશ્રી અને ભુજ લલમીનારાયણ સનાતન સમાજના પ્રમુખશ્રી છે. જેના નેજા હેઠળ આ શ્રેષ્ઠાન કરી રહ્યા છીએ.

આ સમિતિની મિટિંગ જમીન સરકારી દેકોમાં માલિકી શ્રીસમાજની થયા પછીની પ્રથમ મીટીંગ શ્રીસમાજની જમીન પર થઇ હતી.

YSK ચેક અર્પણ - કચ્છ સિજ્યિન યુવાસંઘ

સંયોજક : શૈલેષ પોકર - નખત્રાણા.

સ્વ. સંગીતાબેન રામજીયા દેસલપર.
અવસાન
૧૮/૦૬/ ૨૦૨૧

ગત રોજ દેસલપર (વંદાય) ગામે યુવા સુરક્ષા કચ્ચ યોજના મેમ્બર્સ **સ્વ. સંગીતાબેન રામજીયાણીનુ** દુઃખદ અવસાન થતા તેમના પરીવાર ને YSK સહયોગનિધિ ના પ્રથમ ચેક અર્પણ કરવામાં આવ્યો.

આ સમયે યુવાસંઘ કચ્છ રીજીયન ચેરમેન છગનલાલ ધનાણી, પૂર્વ ચેરમેન શૈલેષભાઈ પોકાર.. વાઈસ ચેરમેન શાંતિલાલ નાકરાણી.. રીજીયન YSK કન્વીનર મુકેશ ડિલાણી.. રીજીયન આયુષ્ય સમિતિ કન્વીનર રાજેશ ભીમાણી. રીજીયન મેમ્બર્સ. નવીન પોકાર.. જયેશ ભગત.. પોનેશ સોચપા..

દેશલપર યુવકમંડળ પ્રમુખ ઈશ્વર વેલાણી, મંત્રી દિલીપ માવાણી ઉપરાંત સ્થાનિક સમાજ અને મહિલામંડળ ના કાર્યકર્તા હાજર રહેલ

આ વેળા એ રીજીયન ચેરમેન છગનલાલ ધનાણી એ જણાવ્યું કે આ ગામાજ ને YSK મેમ્બર્સ ના અવસાન થયા થી સમાજ ને ખૂબ સહન કરવા નુ આવ્યું છે

જેથી આપણે ઈશ્વરને પ્રાર્થના કરીયે કે આવી મહામારી થી દેશ અને સમાજ ને બચાવે.

પૂર્વ ચેરમેન શૈલેષ પોકારે જણ્યું કે YSK યોજના માત્ર રૂપિયા માટેની યોજના નથી પણ સમાજ સુવાયમાન કરે અને મહિલામંડળ સાથે યુવાસંઘ ની ટીમ જ્યારે દિવંગત ના પરિવાર ને ચેક અર્પણ કરવા જતી હોય છે ત્યારે દુઃખગ્રસ્ત પરીવાર ને એક મોટો દિલાસો મળે છે કે આવી કપરી પરિસ્થિતિ મા અને એકલા નથી સમાજ અમારી પાછળ ઉભો છે. એટલે કે સામાજિક સદભાવના ઉભી થાય છે.

એમ.કે. જોષીના સ્થાને ગાંધીનગરથી અધિક કલેક્ટર એચ.એમ જાડેજા

કચ્છના ડીઆરડીએના ડાયરેક્ટર બન્યા પોરબંદરના અધિક કલેક્ટર

ત્રણ વર્ષમાં કચ્છમાં ૨૨૫ ડેમ બન્યા, નેશનલ વોટર એવોર્ડ મેળવ્યો

(**જુગર**) (સંદેશ પ્રતિનિધિ)

રાજ્ય સરકાર દ્વારા ૧૯મી જૂને આઈએએસ અધિકારીઓની બદલી બાદ ૨૦મી જૂને મંગળવારે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસના ૩૯ અધિકારીઓની બદલીઓનો ઘાણવો ચલાવાયો છે. આ બદલીઓમાં અધિક કલેક્ટર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સહિતના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. તેમાં કચ્છના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એમ. કે. જોષીની બદલી કરાઈ છે અને તેમને પોરબંદરના અધિક કલેક્ટર તરીકે મૂકવામાં આવ્યા છે. તેમના સ્થાને ગાંધીનગરના અધિક કલેક્ટર એચ. એમ. જાડેજાને કચ્છ મૂકવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના જનરલ વહીવટ વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશમાં ૭૮ અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે. નોંધનીય છે કે, સેસ કેરેના અધિકારીઓમાં ભુજમાં પ્રાંત અધિકારી જગ્યા હાલમાં ખાલી છે અને તેનો ચાર્જ અંજારના નાયબ કલેક્ટર પાસે છે. આવતાં ત્રણ વર્ષ પૂરા કરનારા કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એમ. કે. જોષીને પોરબંદરના નિવાસી અધિક કલેક્ટર બનાવાયા છે. જોષીએ કચ્છના કાર્યક્રાળ દરમિયાન મનરેગાના કામોમાં ૧૨૫ ચેકડેમ સરકારની માર્ગદર્શિકા અનુસાર બનાવડાવ્યા હતા. તો નેશનલ વોટર એવોર્ડ પણ મેળવ્યો હતો. આ ઉપરાંત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ઘાસના ૧૮ પ્લોટ પણ ઊભા કરવાની કામગીરી કરાવી હતી. હાલમાં પણ બન્ની- પચ્છમ વિસ્તારમાં ૨૨ કૂવા બનાવવાની કામગીરી ચાલી રહી છે.

કચ્છશક્તિ રાષ્ટ્રીય એવોર્ડમાં ભુજના શિક્ષિકાનો સમાવેશ

શિક્ષણક્ષેત્રે ૩૫ વર્ષનો અનુભવ ધરાવતા ભુજના શ્રેષ્ઠ શિક્ષિકા, સામાજિક મહિલા અગ્રણી એવા નૂતન પીરુભા મઠંતાને વર્ષ ૨૦૨૧નો કચ્છશક્તિ રાષ્ટ્રીય એવોર્ડ જાહેર થયેલ છે.



માંડવી-ની ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયની શ્રદ્ધ કરીને ભુજની પી.સી.વી. મઠંતા હાઈસ્કૂલમાં સેવાઓ આપી છે. આ સંસ્થામાં વિદ્યાર્થીઓ સાથે ઓતપોત થઈને અનેક પ્રકલ્પો હાથ ધરેલ છે. નિર્ભય, વક્તૃત્વ, ગીત, સંગીતમાં વિદ્યાર્થીઓને રસ લેતા કરવા તેમજ સંસ્કૃત વિષયમાં જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરીને અનેક વિદ્યાર્થીઓ તૈયાર કર્યા હતા. જેઓ આજે સ્વમાનભેર સમાજમાં સારું કામ કરી રહ્યા છે. નૂતનબેને સાંદીપનિ એવોર્ડ, સંસ્કૃત વિભૂષણ એવોર્ડ, લાયનેસ મલ્ટીપલ પેસ્ટ પ્રેસિડન્ટ એવોર્ડ, સંસ્કૃત વિશારદ જેવા એવોર્ડ મેળવેલ છે.

ઈન્દોર ધાર રોડ સમાજનું ગૌરવ

M.P.H. થયા

ડો. વૈભવ નાકરાણી (પોયાણી)

ઈન્દોર (મ.પ્ર.) : અગ્રેની મે. એન.સાર. પટેલ એન્ડ કંપનીવાળા શ્રી નરસિંહભાઈ રામજીભાઈ નાકરાણી (પોયાણી) (સ્વજમાં નેત્રા-માતાજીના) ના સુપુત્ર **સિ. વૈભવ**એ અહીંથી B.D.S. ફર્સ્ટ ડિગ્રિઅન સાથે પાસ કરીને **UNIVERSITY OF ILLINOIS SPRINGFIELD - CHICAGO U.S.A.** થી **MASTER OF PUBLIC HEALTH IN ENVIRONMENTAL HEALTH** માસ્ટર્સની ડિગ્રી મેળવીને હાલમાં **ફ્લોરીડા ગવર્મેન્ટ ઠેવા ડિપાર્ટમેન્ટ**માં સેવા આપી રહ્યા છે. પોયાણી પરિવાર અને સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

વિદેશેથી પરતી અને તે અમેરિકા
જેવા વિશાલ રાષ્ટ્ર માં સિદ્ધિ પ્રાપ્ત કરવી એ અનોખી સિદ્ધિ છે.
સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર, પ્રસાર સમીતી વતી ખુબ ખુબ અભિનંદન

www.jeevansparsh.com

- Corporate Club Member - **LIC OF INDIA**
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA

Qualifying & Life Member MDRT

Jeevansparsh JEEVAN SPARSH
E-73 Sector-1, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 41000, E-mail: jeevansparsh@gmail.com
सही सलाह हर बार...

भारतीय જનતા પાર્ટી-ખેડા જીલ્લો
"કમલમ" નડીયાદ - ૮૭૫૩૦ રોડ, યોગીનગર તા.નડીયાદ જી.ખેડા
ફોન નં ૦૨૬૮ - ૨૫૬૫૫૦૧,૦૨,૦૩,૦૪ ફેક્સ નં ૦૨૬૮ - ૨૫૬૫૫૦૦

ખેડા જીલ્લા કીશાન મોરચા સંગઠન



પરેશ પોકાર,
ખેડા જિલ્લા કિસાન મોરચાના મંત્રી તરીકે વરણી કરવામાં આવી છે. પરેશભાઈ દ્વારાય ભાઈ ડેવપુરા ફેપા ના વતની છે. પણા સમયથી ભારતીય જનતા પાર્ટીના કાર્યકર તરીકે સેવા આપે છે. યુવાસેમ સાભર રિજયન માં તેમ્રો ભાષ્ટ, કચ્ચરજ ટિકિટમાં ના કારોબારી સભ્યછે.

મિશન રાજકિયનું આ ઉત્તમ કાર્ય ને ટીમ યુવાસંમ રાજકીય મિશન અભિનવાદન કરે છે.

સનાતન ધર્મ પત્રિકા ટીમ પ્રચાર પ્રસાર અભિનદીત કરે છે..

PARESH DEVPURA - સંપર્ક નંબર
૯૧૪૯૮૩૦૨૩૬૦

પોકાર પરેશકુમાર દ્વારકભાઈ

IASની બદલીઓમાં નિર્ણયની ઊલટાસૂલટીનો સિલસિલો યથાવત્

પ્રવીણા ડી.કે.ફરી કચ્છ, સુજલ મયાત્રા પંચમહાલના કલેક્ટર

૧૯મી જૂને બદલી, ૨૪મીએ ચાર્જ સંભાળ્યો અને ૨૮મીએ બદલીનો આદેશ

ગુજરાત સરકાર દ્વારા આઈએએસ અધિકારીઓની થયી બદલીઓમાં નિર્ણયની અસ્થિરતાની વિચારિણા થયાવ છે. સરકાર પોતાનાં જ નિર્ણયો ઊલટાં કરી રહી છે. કચ્છ કલેક્ટર પ્રવીણા ડી.કે.ની નિમણૂક ૧૯મી જૂનની બદલીમાં વધને પંચમહાલના કલેક્ટર તરીકે થઈ હતી અને છોટાઉદેપુરના કલેક્ટર સુજલ મયાત્રાને કચ્છ કલેક્ટર તરીકે નીમવામાં આવ્યા હતા. પ્રવીણાબહેનને કચ્છમાં માંડ ૩૬ વર્ષ થયું હતું. ૨૪મીએ એ ચાર્જ સંભાળવામાં આવ્યા હતા. હવે સરકારે ફરી પ્રવીણા ડી.કે.ની કચ્છ કલેક્ટર અને કચ્છ કલેક્ટર તરીકે નિર્યુક્તિ કરી છે. આ નિમણૂક પણ ૧૯મી જૂને જેમને કચ્છ કલેક્ટર તરીકે નિમણૂક અપાઈ હતી, તેમને પ્રમોશનનો ઘાટ્યોથી પાછી પંચમહાલના કલેક્ટર તરીકે નિમણૂક કરી દેવામાં આવી છે. સરકારી નિર્ણયની અસ્થિરતાને કારણે અધિકારીઓ ચોંકાવ પડયાં છે.

કચ્છમાં ૧૦ દિવસમાં કલેક્ટરની બદલીનો પ્રથમ કિસ્સો

નવા કલેક્ટર સુજલ મયાત્રાની ૧૦ દિવસમાં જ બદલી કચ્છ માટે સોશિયલિસ્ટ ગણાવાઈ રહી છે. તેમના પુરોગામી પ્રવીણા ડી.કે. ફરીથી તેમના અનુગામી બનતાં તેમના પ્રતિભાવ ફગાવાઈ ગયાનાં જણાતાં પણ માત્ર ત્રણ મહિનામાં બદલી કરવામાં આવી હતી.

રાજ્યના ૩૩ આઈએએસ અધિકારી સાથે જેમાં આઈએએસ અધિકારીની બદલીના આદેશ માટે ૨૨મીએ નવા ગુજરાતી સુજલ મયાત્રાને કચ્છ કલેક્ટર તરીકે ચાર્જ સંભાળવું હતો. તો બીજાદરફે, પ્રવીણા ડી.કે.ને ઠેડ હવે ફરી કચ્છ કલેક્ટર જવાનાં બદલે ફરીથી તેમને મૂકવામાં આવતા મંત્રણાકાર લોકોમાં તર્ક-વિતર્ક ઊભા થયા છે. અધિકારીઓ, કર્મચારીઓ તથા કચ્છના રાજકીય લોકો પણ સરકારનું આ પગલું સમજી શકતા નથી. કરાણ કે લોકો કહે કે અને અનુભવોના પરા ઠોકવામા હતા.

SSC પરિણામ: લી.૧૦મા 8.57 લાખ વિદ્યાર્થીઓનું પરિણામ, ડાંગના ૪ જ વિદ્યાર્થીઓને A1 ગ્રેડ, નહિંતરમાં 26809ને તો વિદ્યાલયમાં 20865 વિદ્યાર્થીઓને A1 ગ્રેડ ૧,૭૯,૭૨ વિદ્યાર્થીઓ ગેરહાજર માટે ગાંધી પરાજ, ૨૭૫ ગણ, જુનાગઢમાં 2638 વિદ્યાર્થીઓને A1 ગ્રેડ વિદ્યાર્થીઓએ સુકાનમાંથી પરિણામ મેળવવાનું ચલાવે.

તોચી વધુ સુરતના 2991 વિદ્યાર્થીઓને A1 ગ્રેડ

SSC ના પરિણામ				ગુજ વિદ્યાર્થીઓ ની ટકાવારી 8.57
ગ્રેડ	A1 ગ્રેડ	A2 ગ્રેડ	B1 ગ્રેડ	B2 ગ્રેડ
ટકા	17186	57362	100973	150422
ગ્રેડ	C1 ગ્રેડ	C2 ગ્રેડ	D ગ્રેડ	E ગ્રેડ
ટકા	185266	172253	173732	

ADMISSIONS OPEN - 2020-21-22
CBSE Nursery to 10th & 11th-12th Sci. & Com.
GSEB 5th Std. Science & Math 6th Std. Science & Math Std. & Com.
SUV International School
Sarkhej-Gandhinagar Highway Near Iscon Temple Ahmedabad-380055 A.C. Modern Higher Secondary School 2020

કેવી રીતે મારું સીટ તૈયાર કરવામાં આવી..?

- પરીક્ષા ૧૦ નું પરિણામ આગળની ત્રણ પરીક્ષાનાં રિઝલ્ટ પરથી તૈયાર કર્યું છે . દા.ત. ત્રણ પરીક્ષામાં ૧૦ ટકા પરિણામ ત્રાર્યું હોય તો પરિણામ ૧૦ ટકા જ આવશે . જો ત્રણેય પરીક્ષામાં અલગ અલગ માર્કસ આવ્યા , જેમ કે એકમાં ૨૦ , બીજામાં ૩૦ અને ત્રીજામાં ૭૦ માર્કસ આવ્યા હોય તો એની એવરેજ કાઢીને માર્કસ આપવામાં આવશે .
- પણ ૧૦ માં જેને ફર્સ્ટ ક્લાસ આવ્યો હોય તેને આમાં ફર્સ્ટ ક્લાસ આવી શકે .

સરલ ભાષામાં દા.ત. જોઇએ તો...

- ધો.૭માં ધ્યાન સામાન્યિક કસોટીમાં નક્કિત વિષયમાં કુલ ગુણ 50માંથી 40 ગુણ મળ્યા હોય તો તેને 40 ટકામાં રૂપાંતરિત કરીએ તો 16 ગુણ થાય
- ધો.૭માં ધ્રિલીય સામાન્યિક કસોટીમાં નક્કિત વિષયમાં કુલ ગુણ 50માંથી 40 ગુણ મળે તો તેને 40 ટકામાં રૂપાંતરિત કરીએ તો 16 ગુણ થાય
- ધો.૭માં પ્રથમ સામાન્યિક કસોટીમાં નક્કિત વિષયમાં કુલ ગુણ 80માંથી 60 ગુણ મળે તો તેને 37.5 ટકામાં રૂપાંતરિત કરીએ તો 22.5 ગુણ થાય
- ધો.૭માં એકમ કસોટીમાં નક્કિત વિષયમાં કુલ ગુણ 25માંથી 20 ગુણ મળે તો તેને 40 ટકામાં રૂપાંતરિત કરીએ તો 8 ગુણ થાય

દિઝલ્ટ= ૪૦માંથી 62.5 ગુણ

કૃષિ અને વિજ્ઞાનના મિલન માટે 'બ્રોડર' બનો



વિજયભાઈ શેલા

- એસ. રઘુરામન. હોઈ શકે નહી. ટાઝર ગામના નાંદરાય ચરણ અને નજીકના લાલી ગામના ડાઝરાય દેસમુખ ભારતમાંથી ડ્રેનન ફ્રુટની ગુલાબી-સફેદ જાતની નિકાસ કરનારા પ્રથમ વ્યક્તિ બન્યા છે. તેમના ખેતરના ૧૦ હેક્ટાર ડ્રેગન ફ્રુટની ફુગઓમાં નિકાસ કરાઈ છે. સાંગલીમાં ફુગણ સંભવિત વિસ્તારને ૧૫૦ એકર જમીનમાં વાવવામાં આવતા વિદેશી ફળથી સ્થાનિક ખેડૂતોમાં નવી આશા જાગી છે. જે પારંપરિક દ્રાક્ષ અને સેરેરીના પાકનું સ્થાન લઈ રહ્યા છે.

ખેતીની દુનિયામાં 'ખરાબ આકારની ડિયર' નું જીવન સરળ નથી. આપણે ફુગનામોથી સારો આકાર પરાવતા ફળ-શાકભાજી ખરીદીએ છીએ. જ્યારે કે હજારો ફળ-શાકભાજી તેનો આકાર સારો ન હોવાને કારણે ખેડૂતોએ એમ જ ફેંકી દેવી પડે છે. નિકાસના બજારમા તો સુંદર દેખાવું અને તાજા હોવું વધુ જરૂરી છે. પવાર અને દેસમુખના એ ફળની નિકાસ થઈછે, જેનું વજન ૩૦૦ ગ્રામથી વધુ હતું. નાના ફળ કદાચ સ્થાનિક બજારમાં આવશે, પરંતુ મોંઘા ફળી માટે ત્યાં પણ સારો દેખાવ મહત્વ રાખે છે. કમનસીબે તેમાથી અનેક અરજાદ થઈ જશે. આ સ્થિતિમાં ફુડ પ્રોસેસિંગ (ખાદ્ય પ્રસંસ્કરણ) કામ લાગે છે. જોકે, અત્યમાં એ છે કે પ્રોસેસ કરવું સરળ નથી. ઉચિત તાપમાન પર રાખવું, ઉચિત કન્ટેનરમાં પેક કરવું અને નિકાસ તથા સ્થાનિક બજારમાં વેચાણ જેવા કામ કોણ કરશે ? જે તમારી પાસે જમીન નથી અને તમે ખેતીમાં હાથ નાખવા માગતા નથી તો મુંબઈની ફ્રુટ-કેક ઈનોવેટર કંપની "સાયન્સ ૪ સોસાયટી" (એસઝનેસ) ટેકનોલોજીસની જેમ એગ્રીકલ્ચર વેસ્ટ વટાવવાના કામમાં હાથ અજમાવી શકો છો, તેઓ પેટન્ટેડ સોલર કન્ટ્રકશન પ્રાયર (એસ. સી. ટી.) દ્વારા આવી ઉપજનું સોલર ડિહાઈડ્રેશન (તડકાથી સુકવવું) કરીને સંરક્ષણ કરે છે. એસ. સી. ટી. સૌર ઊર્જાથી સંચાલિત મશીન છે, જે પોષક તત્વ જાળવી રાખીને શાકભાજી અને મસાલા સુકવે છે. આ ટેકનોલોજી દ્વારા તેમણે એરેરગાઘાટની નક્કડ ૩૦૦૦ મીલિયા ખેડુતો અને ૨૦૦ લધુ-ઉદ્યમીઓને સહાય કર્યાછે અને તેમને ગ્રાફ્ટિંગ ઉપજના ડિહાઈડ્રેશનની તાલીમ આપીછે.

પુવાન ઉદ્યમી વૈભવ તિકડે દ્વારા ૨૦૧૪માં શરૂ કરવામાં આવેલી કંપનીમાં તેની ક્રોલેજના શાલી મીનલ સોમાની, અમિત પટેલ, નિધિ પત્ર, સલેશ ભેરે, સ્પ્રીલ કોકને અને તુષાર નવારે મદદ કરે છે. ટેકનોલોજી આપવાની સાથે જ તેમણે ઉપજની ખરીદી પણ શરૂ કરી છે. આ ટેકનોલોજીને ઊર્જિત અને આજ્ઞવિધા માટે ૨૦૧૦માં વોટરલેસ કાઉન્સેલર, યુકે દ્વારા સહાયતા પ્રાપ્ત એસોન એવોર્ડ મળ્યો છે. આ ટેકનોલોજીનો ઉપયોગ ક્રાન્સ, જર્મીકા, કેન્યા, વિયેટનામ, નેપાળ, શ્રીલંકા અને બાંગ્લાદેશમાં થઈ રહ્યોછે.

કંપનીનું ક્લિસરીય બિઝનેસ મોડલ ઉત્પાદકો અને પ્રોસેસ કરતી મહિલાઓ સાથે કામ કરે છે. એસઝનેસ ટેકનોલોજીસ ખરાબ દેખાવને કારણે કોમર્શિયલ વિક્રેતાઓ દ્વારા ન ખરીદાયમાં આવેલી ઉપજને ખરીદવામાં આવે છે અને તેને મહિલાઓ સુધી પહોંચાડે છે, જે ડિહાઈડ્રેશનમાં તાલીમ પ્રાપ્ત છે. આ રીતે જોનેને આવક થાય છે. મુંબઈ, પુણે અને દેરરાબાદમાં તેના ૩૦૦ કોપરેટિ પ્રાકલ છે. તે નેસ્લે, સોડેક્સો, મેરિકો, આઈ. આર. સી. ટી. સી., તાજ સેટ્રલ અને ડેપિટલ ફ્રુઝ જેવી કંપનીઓને સુકી- કાચી સામગ્રી જેમકે લસણ, આદું, ડુંગળી, લવકર, પણા વગેરે સપ્લાય કરે છે. ફલાય છે કે, કૃષિ વિજ્ઞાનને જોડાયા માટે ઝોડાક કે ફલાય બનવામાં કશું ખોટું નથી. તમને મારા ખેડુતો અને ગ્રાહકોનો જે નહીં પરંતુ સુષ્ટિમાતાનો પણ આશિર્વાદ મળશે, કેમકે તમે માનવતા માટે અપાયેલા નામાનાં નાના ઉપકારનું પણ સંરક્ષણ કરશો.

નૌફ મારવાઈ સાઈડી અરેબિયાની પ્રથમ મહિલા યોગ માસ્ટર



ભારત યોગનું જન્મ સ્થળ છે. રસ્સ્યવાડી હિમાલય પર્વતોમાં ઉચ્ચ ઋષિકેશના જન્મ શ્રદેર માં, ૭,૦૦૦ વર્ષો પહેલાં લેખિત લખાણમાં યોગનો પ્રથમ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તે ભારત દ્વારા લેખિત હતો.

યોગ વૈશ્વિક વલણ બની ગયો અને તેની પશ્ચિમમાં વ્યાપકપણે પ્રચલિત થઈ સંસ્કૃતિ બન્યો છે. હિન્દુ આધ્યાત્મિક અભ્યાસ તરીકે વ્યાપકપણે માનવામાં આવતાં, સાઉદી અરેબિયામાં દાયકાઓ સુધી યોગની સત્તાવાર રીતે મંજૂરી નહોતી, ઇસ્લામના પ્રદેશો છે જ્યાં તમામ બિન-મુસ્લિમ પૂજા પર પ્રતિબંધ છે, પરંતુ કાઉન્ટ પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ૨૦૧૭ માં "ધુલ્લા, મધ્યમ ઇસ્લામ" ના નારા સાથે તેમણે નવી ઉદારીકરણની ઝુંબેશ વચ્ચે યોગને રમત તરીકે માન્યતા આપી, જેણે પશ્ચિમ કક્ષરપ્રદેશોને ખાણ્ણોડી દીધી છે.

નૌફ મારવાઈ સાઉદી અરેબિયાની પ્રથમ મહિલા યોગ માસ્ટર છે. એવા દેશમાં જ્યાં મહિલાઓને જાહેરમાં વ્યાયામના અધિકારનો લાંબા સમયથી ઇનકાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ - જેમાંથી કેટલાક નિયમિતપણે ભારતના યોગમાં ભાગ લે છે - જણાવ્યું હતું કે, મારવાઈને ૫૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ ભારતનો યોગો સૌથી મોટો નાગરિક સન્માન પદ્મશ્રીથી નવાજવામાં આવ્યો હતો. નૌફની વાર્તા યોગથી આગળ છે. તેઓએ આરોગ્યની સ્થિતિ સાથે લાંબા સંઘર્ષનો સામનો કર્યાં છે અને યોગની મદદથી લ્યુપસ તેમજ કેન્સર જેવા રોગોને તરાવ્યા છે. નૌફ યોગને એક મુક્તિ દાતા પરિબળ તરીકે જુએ છે જે, એક માનસિક વિશેષ અને અન્ય માનસિકતાથી જેવા પરિબળોમાંથી છુટકારો આપે છે.

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તા ૨૩/૦૬/૨૦૨૧ રવિવાર

સ્વ. હીરજીભાઈ મેઘાભાઈ ચોપડા
ઉમર : ૮૫ વર્ષ
કચ્છમાં ગામ : જીયાપર
અવસાન નું કારણ : કુદરતી, નૈસર્ગિક

તારીખ : ૨૮-૦૬-૨૦૨૧ મંગળવાર

સ્વ. પરબતભાઈ પુંજાભાઈ પોકાર
ઉમર : ૭૪ વર્ષ,
કચ્છમાં ગામ : સંગનારા (સ્થાનિક)
અવસાન નું કારણ : સામાન્ય

તા. ૨૮-૬-૨૦૨૧ સોમવાર

સ્વ. મીનાબેન અવરેદિભાઈ વાસાણી
ઉમર : ૪૦ વર્ષ
કચ્છ માં ગામ : ગોપરા તા. માંડવી
હાલે : મલાડ



પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ સર્વે ઓજ પ્રાર્થના.

શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ.....
ૐ શાંતિ શાંતિ શાંતિ